## :: આંક – ૧ લગત હુકમ ::

આ કામે વાદીનો હાલનો દાવો જોવામાં આવે તો દાવો તા. ૩૧/૦૩/૨૦૧૧ ના રોજ દાખલ કરેલ છે અને ત્યારબાદ જુદી જુદી અરજીઓના નિર્ણય માટે દાવાની કાર્યવાહીમાં પુરાવો લેવામાં આવી શકેલ નહી. આ તમામ અરજીઓનું નિર્ણય કરી વાદીનો દાવો તા. ૦૭/૦૧/૨૦૨૬ ના રોજ વાદીના પુરાવા માટે રાખવામાં આવેલ. દાવો ઘણો જુનો હોય વાદીને ઝડપી પુરાવો રજુ કરવા માટે સુચનાઓ આપવામાં આવેલી તેમ છતાં વાદી દ્વારા પુરાવો રજુ કરવા માટે જુદી જુદી મુદ્દત તારીખ મેળવેલી અને છેલ્લે પુરાવો રજુ ના કરતાં તા. ૦૯/૦૪/૨૦૨૬ ના રોજ તેઓનો પુરાવો રજુ કરવાનો હક બંધ કરવામાં આવેલ અને વાદીને તક મળી રહે તે હેતુસર ન્યાયના હીતમાં દાવા અરજી સબંધે પ્રતિવાદીનો પુરાવો રજુ કરવા માટે રાખવામાં આવેલી તે દરમ્યાન વાદી દ્વારા પોતે વકીલ બદલીને મૌખિક રીતે પુરાવો રજુ કરવા માટે વિનંતી કરતાં ન્યાયના હિતમાં મુદ્દત રાખવામાં આવેલી પરંતુ આજરોજ વાદી તરફે તેઓ કે તેઓના વકીલશ્રી હાજર રહેલ નથી અને કેસનો રેકર્ડ જોતાં ઉપરોક્ત જણાવ્યા મુજબ તેઓનો પુરાવો રજુ કરવાનો હક અગાઉ બંધ થયેલ છે ત્યારે વધુ સમય કેસ પેન્ડીંગ રાખવો ન્યાય ઉચીત જણાતું ના હોય હાલના કેસ સંદર્ભે નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

## ::હુ ક મ::

આથી, વાદીનો હાલનો દાવોનો રદ (ડીસમીસ ફોર ડીફોલ્ટ) કરવાનો હુકમ કરવામાં આવે છે.

ખર્ચ સંબંધે હુકમ નથી.

આજરોજ તા. **૦૮,** માહે **જુન,** સને **૨૦૨૬** ના રોજ અદાલતમાં હુકમ જાહેર કર્યો.

માંગરોળ.

તા.૦૮/૦૬/૨૦૨૬.

(જે.એસ. પરમાર)
એડીશનલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
સીવીલ કોર્ટ, માંગરોળ, જી.સુરત.
(Judge Code: GJ01155)